# રેતીખનનમાં મિકેનિકલ બાર્જનો ઉપયોગ

**ડ્રોનથી** બીલીમોરાની અંબિકા નદીમાંથી રેતી ખનન ઝડપાયું

**બે યાંત્રિક** બાજ અને ૧૧ ટ્રક સહિત રૂ.૨.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા શહેરમાંથી પસાર થતી અંબિકા નદીના પટમાં બિનઅધિકૃત રેતી ખનન, વહન અને સંગ્રહ સામે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ડ્રોન સર્વેલન્સના આધારે તપાસ દરમિયાન બે યાંત્રિક બાજ અને ૧૧ ટ્રક સહિત કુલ રૂ.૨.૨૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીલીમોરા શહેરની સ્મશાનભૂમિ પાછળના અંબિકા નદી પટ વિસ્તારમાં સાદી રેતી ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહની પ્રવૃત્તિ અંગે ડ્રોન મારફતે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો હતો. સર્વેલન્સ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતા ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રેતી ખનિજના ખનન અને વહન માટે ઉપયોગમાં લેવાતા બે યાંત્રિક બાજ તેમજ ૧૧ ટ્રક મળી આવ્યા હતા. વિભાગ દ્વારા તમામ યંત્રો અને વાહનોને કબજે લઈ કુલ રૂ. ૨.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કબજે કરાયેલા વાહનો અને યંત્રોને હાલ ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી બિનઅધિકૃત રેતી ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. ખનિજ વિભાગ દ્વારા સમગ્ર મામલે નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### ૨૮ માર્ચ-૨૦૨૪ (બીલીમોરા - અંબિકા નદી)

**સ્થળ:** બીલીમોરા પાસે અંબિકા નદીના પટમાં.
**કાર્યવાહી:** ખાણ-ખનીજ વિભાગે સરપ્રાઈઝ ચેકિંગ કરીને નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતી ખેંચતા માફિયાઓ પર દરોડો પાડ્યો હતો.
**જપ્તી:** ગેરકાયદે ખનનમાં વપરાતી ૧ બોટ (નાવડી) અને ૨ ભારે સક્શન મશીનો મળી આશરે રૂ.૨૫ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

### જુલાઈ-૨૦૨૨ અને ઓગસ્ટ ૨૦૨૩ (ચીખલી-ગણદેવી - કાવેરી અને પૂર્ણા નદી)

**સ્થળ:** કાવેરી અને પૂર્ણા નદીના ગ્રામ્ય વિસ્તારોના કાંઠે
**કાર્યવાહી:** ચોમાસા અગાઉ અને બાદમાં ખનીજ વિભાગે સ્થાનિક પોલીસ સાથે મળીને દરોડા પાડ્યા હતા.
**જપ્તી:** પાણીમાંથી બિનઅધિકૃત રીતે રેતી ખેંચવા માટે ગોઠવેલી લોખંડની પાઇપલાઇનો, ચકરડીઓ અને પંપ સ્થળ પર જ નષ્ટ/સીઝ કરવામાં આવ્યા હતા.

### નવેમ્બર-૨૦૨૩ (હાઇવે નાકાબંધી અને વાહન ચેકિંગ)

**સ્થળ:** નવસારી-ચિખલી અને નેશનલ હાઇવે ૪૮ પર.
**કાર્યવાહી:** રાત્રિ દરમિયાન રેતીનું બિનઅધિકૃત વહન કરતા વાહનો પર ખાણ-ખનીજ વિભાગની ટીમે દરોડો પાડી ચેકિંગ હાથ ધર્યું હતું.
**જપ્તી:** રોયલ્ટી પાસ વગર અને ઓવરલોડ રેતી ભરીને જતા ૫ થી વધુ ડમ્પરો અને ટ્રકોને ડિટેઇન કરી લાખો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## વીજ ગ્રાહકોને ડિપોઝિટ માટે નોટિસ ફટકારાતાં કચવાટ

**ફડવેલ** સહિતના ગામોના આગેવાનો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે

ઘેજ: ચીખલી તાલુકાના રાનકુવા સ્થિત વીજ કંપનીના સબ ડિવિઝન દ્વારા ફડવેલ સહિત ગામોમાં ગ્રાહકોને ડિપોઝિટ માટે નોટિસ ફટકારવામાં આવતા કચવાટ ફેલાવા પામ્યો છે.

નોટીસમાં વીજ ગ્રાહકોને વીજ વપરાશના પ્રવર્તન નિયમ મુજબ સિક્યોરિટી ડિપોઝિટ દિન ૩૦માં ભરી દેવા જણાવાયું છે અને ન ભરવામાં આવશે તો વીજ બિલ પર વ્યાજ વસૂલ કરવાની, વીજ પુરવઠો બંધ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે, જેને લઈને લોકોમાં કચવાટ ફેલાવા પામ્યો છે. રાનકુવા સબ ડિવિઝન દ્વારા સિક્યોરિટી ડિપોઝિટ માટે નોટિસ આવતા સ્થાનિક આગેવાનો દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતની પણ તજવીજ હાથ ધરવામાં આવી છે. ફડવેલ ગામના પૂર્વ તાલુકા પંચાયત સભ્ય મહેશભાઈના જણાવ્યા અનુસાર સામન્ય રીતે જોડાણ વખતે ડિપોઝિટ ભરવામાં આવતી જ હોય છે ત્યારે ફરી ડિપોઝિટ ભરવા માટે નોટિસ આપવામાં આવી છે. વીજ કંપનીના રાનકુવા સબ ડિવિઝનના નાયબ ઇજનેરના જણાવ્યા અનુસાર બિલ કરતાં ડિપોઝિટ ઓછી હોય અને ૨૦૦૦ની આસપાસ જેમના બીલો આવે છે, તેવા ગ્રાહકોને ડિપોઝિટ ભરવા માટે નોટિસ આપવામાં આવી છે. બિલની સામે ડિપોઝિટ દોઢ ઘણી હોવી જોઈએ.

### ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં મંત્રીઓના હસ્તે લોકાર્પણના

## ૧૨ દિવસ પછી પણ નવા બિલ્ડિંગમાં હજી પૂરતી સેવાઓ શરૂ થઇ નથી

**માત્ર ઓપીડી** શરૂ થઈ, કોલ્ડ સ્ટોરેજ સહિતની મહત્ત્વની સુવિધાઓ હજુ પણ અધ્ધરતાલ



ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૪૬.૫૩ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવેલી ૧૦૦ બેડ ક્ષમતાવાળા નવા બિલ્ડિંગનું ગત ૧૯મીના રોજ કેન્દ્રિય કેબિનેટ મંત્રી સી.આર. પાટીલ, રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ ઉપરાંત આરોગ્ય વિભાગના રાજ્ય મંત્રી પ્રફુલ પાનશરિયા, આરોગ્ય વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું પરંતુ જેના આજે બાર દિવસ જેટલો લાંબો સમય વીતવા છતાં હોસ્પિટલ પૂર્ણ રીતે નવા બિલ્ડિંગમાં શરૂ થઈ નથી. માત્ર ઓપીડી શરૂ કરવામાં આવી છે, મહત્વની જરૂરિયાત પૈકીનું કોલ્ડ સ્ટોરેજના પણ કોઈ ઠેકાણા પડ્યા નથી. છેલ્લા ઘણા સમયથી જૂના મકાનમાં પૂરતી જગ્યાના અભાવે દર્દીઓને હાલાકી પડી રહી છે, પરંતુ આરોગ્ય વિભાગના અણઘડ કારભારના કારણે લોકાર્પણ બાદ પણ લોકોએ સુવિધા માટે હજુ કેટલી રાહ જોવી પડશે. હોસ્પિ.ના ઈનચાર્જ અધિક્ષક ડો. માલતીબેન પટેલના જણાવ્યા અનુસાર નવા બિલ્ડિંગમાં હાલે કેસ બારી ઓપીડી શરૂ કરવામાં આવી છે અને વોર્ડ, કોલ્ડ સ્ટોરેજ સહિત અન્ય સુવિધાઓ એક બે દિવસમાં શરૂ થઈ જશે.

## મનપામાં સમાવિષ્ટ વિજલપોરમાં ટ્રક ગટર લાઈનમાં ધસી ગઈ

**ટ્રક** ખાડામાં ફસાઈ, બેરિકેટ વિના કોઈનો ભોગ લેશે!, તંત્રની ઘોર બેદરકારી

નવસારી: નવસારી મનપામાં વિજલપોરનો સમાવેશ થયા બાદ વિકાસની અપેક્ષાઓ વધી હતી, પરંતુ મેદાન પરની સ્થિતિ અલગ જ કહાની રજૂ કરી રહી છે.

વિજલપોર વિસ્તારમાં ગટર લાઈન ઉપરથી પસાર થતી એક ટ્રક અચાનક રસ્તો ધસી પડતાં વિશાળ ખાડામાં ફસાઈ ગઈ હતી. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સવારે ભારે જહેમત બાદ ક્રેનની મદદથી ટ્રકને ખાડામાંથી બહાર કાઢવામાં આવી હતી. પરંતુ ટ્રક તો બહાર આવી ગઈ, હવે ખાડો કોની રાહ જોઈ રહ્યો છે? ટ્રક કાઢી લીધા બાદ પણ ઘટનાસ્થળે જોખમી ખાડો ખુલ્લો હોવા છતાં તેની આસપાસ બેરિકેટિંગ કે ચેતવણી બોર્ડ મુકવામાં આવ્યા ન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. મુખ્ય માર્ગ પર સર્જાયેલો આ ખાડો રાત્રિના સમયે ખાસ કરીને જોખમી બની શકે છે. આસપાસની સોસાયટીઓના બાળકો સહિત મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી કોઈ રાહદારી કે વાહનચાલક અકસ્માતનો ભોગ બને તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે. સ્થાનિકોમાં હવે સવાલ ગૂંજી રહ્યો છે કે "મોટી દુર્ઘટના થાય ત્યાર બાદ જ શું તંત્રની આંખ ખુલશે?" પાલિકામાં સમાવેશ બાદ વિજલપોરને માત્ર કાગળ પરનું વિસ્તરણ નહીં, પરંતુ વાસ્તવિક પાયાની સુવિધાઓ મળે તેવી માંગ ઊઠી છે.

## મિથિલાનગરી વિસ્તારમાં ગટર સમસ્યાથી રહીશો પરેશાન



નવસારી: નવસારી શહેરની મિથિલાનગરી વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થાની સમસ્યાને કારણે સ્થાનિક રહીશો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. વારંવાર ગટર ઉભરાતાં દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી સોસાયટીના રસ્તાઓ પર ફેલાઈ જતું હોવાની ફરિયાદો સામે આવી છે. જેના કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.

રહીશોના જણાવ્યા મુજબ, ગટરનું પાણી રસ્તા પર ભરાઈ રહેતાં આસપાસ ગંદકીનું પ્રમાણ વધી જાય છે અને દુર્ગંધના કારણે લોકોને હાલાકી ભોગવવી પડે છે. પાણી ભરાવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાની પણ સ્થાનિકોની ફરિયાદ છે. આ સ્થિતિને પગલે બાળકો અને વડીલોના આરોગ્યને લઈને રહીશોમાં ચિંતા જોવા મળી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે ગટર ઉભરાવાની સમસ્યા અંગે પાલિકા તંત્રને અગાઉ પણ મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. સમયાંતરે સફાઈ કરવામાં આવે છે, પરંતુ થોડા સમય બાદ ફરી ગટર ઉભરાવાની સ્થિતિ સર્જાતી હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો છે. રહીશોએ માંગ કરી છે કે પાલિકા તંત્ર દ્વારા સમગ્ર ડ્રેનેજ લાઈનની તપાસ કરાવી અવરોધનું મૂળ કારણ શોધવામાં આવે અને જરૂરી સમારકામ હાથ ધરવામાં આવે. સાથે જ ગંદા પાણીનો યોગ્ય નિકાલ તથા મચ્છર નિયંત્રણ માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે.

સ્થાનિકોએ સ્પષ્ટ કર્યું છે કે મિથિલાનગરીની ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો પાલિકા તંત્ર સમક્ષ ફરીથી સામૂહિક રજૂઆત કરવામાં આવશે.

## પાંજરે પુરાયેલા દીપડાએ રાઉન્ડ ફોરેસ્ટરને પંજો માર્યો

**ગણદેવીના** નાંદરખા ગામે પાંજરું ટ્રેક્ટરમાં ચઢાવતી વખતે ઘટના બની, રાત્રે પાંજરા બહાર દીપડીના આંટાફેરા


કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવી તાલુકાના નાંદરખા ગામના વચલા ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો આંતક વધ્યો હતો. ગ્રામજનોની રજૂઆત બાદ વન વિભાગ દ્વારા શનિવારે પાંજરુ ગોઠવાયું હતું. જેમાં ગુરુવારે વહેલી સવારે આશરે ત્રણ વર્ષનો કદાવર દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. જોકે, દીપડો પાંજરે પુરાયા બાદ પાંજરાની બહાર એક દીપડી પણ નજરે પડતાં ગ્રામજનોમાં વધુ ફફડાટ ફેલાયો હતો. સૂર્યોદય બાદ અજવાળું થતાં દીપડી ત્યાંથી નાસી ગઈ હતી અને લોકટોળા એકત્ર થયા હતા. પાંજરામાં કેદ દીપડાને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દરમિયાન પાંજરાના એક ટાયરમાં પંચર હોવાનું જણાતાં પાંજરાને ટ્રેક્ટરમાં ચઢાવી લઈ જવાની ફરજ પડી હતી. પાંજરું ટ્રેક્ટરમાં ચઢાવતી વખતે અંદર કેદ દીપડાએ પંજો મારતાં રાઉન્ડ ફોરેસ્ટર કિશોરભાઈ પટેલના ડાબા હાથમાં ન્હોર વાગ્યા હતા. ઈજાને કારણે તેમના હાથમાંથી લોહી નીકળતાં તેમને સારવાર લેવાની ફરજ પડી હતી.

## ઈટાળવામાં ભવિષ્યને ધ્યાનમાં રાખી ડ્રેનેજ નેટવર્ક મજબૂત બનાવો

**ડ્રેનેજ** લાઈનને લઈ સવાલો, વારંવાર થતાં ખોદકામ સહિતના ખર્ચાઓ ઘટી શકશે: સ્થાનિકો



નવસારી: નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં ઝડપથી વિકસી રહેલા ઈટાળવા ગામમાં ચાલી રહેલી ડ્રેનેજ લાઈનની કામગીરીને લઈને સ્થાનિક રહીશોએ ભવિષ્યના આયોજન અંગે ધ્યાન દોર્યું છે. વિસ્તારની વધતી વસતી અને રહેણાંક વિસ્તારોના વિસ્તરણને ધ્યાનમાં રાખીને ડ્રેનેજ વ્યવસ્થા લાંબા ગાળે ઉપયોગી સાબિત થાય તે રીતે આયોજન કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ હાલમાં ઈટાળવા વિસ્તારમાં ૨૦૦ એમએમની ડ્રેનેજ પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આગામી વર્ષોમાં વિસ્તારનો વધુ વિકાસ થવાની સંભાવના હોવાથી આ પાઈપલાઈનની ક્ષમતા ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળશે કે કેમ તે અંગે તકનિકી સમીક્ષા કરવામાં આવે તેવી માંગ છે.

રહીશોએ જણાવ્યું હતું કે ડ્રેનેજ જેવી પાયાની સુવિધાનું આયોજન એકવાર થયા બાદ તેમાં ફેરફાર કરવો મુશ્કેલ અને ખર્ચાળ બની શકે છે. તેથી હાલની કામગીરી દરમિયાન જ વિસ્તારની સંભવિત વસતી, નવા રહેણાંક પ્રોજેક્ટ્સ તથા આગામી વર્ષોમાં વધનારી ગટર વ્યવસ્થાની જરૂરિયાતને ધ્યાનમાં લેવામાં આવે તો ભવિષ્યમાં ઊભી થઈ શકે તેવી સમસ્યાઓને ટાળી શકાય. સ્થાનિકોનું કહેવું છે કે આગામી ૨૦થી ૨૫ વર્ષના વિકાસને ધ્યાનમાં રાખીને ડ્રેનેજ નેટવર્કની ક્ષમતા નક્કી કરવામાં આવે તો રસ્તાઓનું વારંવાર ખોદકામ, લાઈન બદલવાની કામગીરી તથા વધારાના ખર્ચ જેવી સ્થિતિ ઊભી થવાની શક્યતા ઘટી શકે.

## નવસારીમાં બફારો, તાપમાનનો પારો ૩૫ ડિગ્રી પહોંચ્યો

નવસારી: ઓક્ટોબરની શરૂઆત સાથે નવસારીમાં હવામાનનો મિજાજ બદલાયો છે. વરસાદી માહોલ બાદ હવે ગરમી અને બફારાએ લોકોને પરેશાન કરવાનું શરૂ કર્યું છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન આંકડા મુજબ ૧ ઓક્ટોબરે મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી રહ્યું હતું. ખાસ કરીને ઊંચા ભેજે ગરમીની અસર વધુ તીવ્ર બનાવી હતી. સવારે હવામાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા નોંધાયું હતું, જ્યારે સાંજે પણ તે ૭૦ ટકા રહ્યું હતું. પરિણામે તાપમાન ૩૫ ડિગ્રી હોવા છતાં વાતાવરણમાં બફારાની લાગણી વધુ અનુભવાઈ હતી. એક દિવસ અગાઉ ૩૦ સપ્ટેમ્બરે મહત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી, લઘુત્તમ ૨૭.૦ ડિગ્રી નોંધાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### છાપરા ગામે બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી

નવસારી: નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા છાપરા ગામના ઉમરીયુ ફળિયામાં ઉમરીયુ ફળિયામાં રહેતા રવિન્દ્રભાઈ નાનુભાઈ ગામીત વિતેલા શુક્રવારે ઘર બંધ કરી વિસર્જનના પ્રસંગે બહાર ગયા હતા. આ દરમિયાન અજાણ્યા ચોરો મકાનમાંથી એક સોનાનું મંગળસૂત્ર, બે ચાંદીના સાંકળા અને એક ચાંદીનું મંગળસૂત્ર, મળી કુલ ચાર દાગીનાની ચોરી કરી ગયા હતા.

### બોડવાંકમાં નહેરમાંથી અજાણ્યાની લાશ મળી

ઘેજ: ચીખલીના બોડવાંક ગામની સુથાર ફળિયામાંથી પસાર થતી કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી ૩૦ થી ૩૫ વર્ષીય અજાણ્યા પુરૂષની લાશ મળી આવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### ચીખલી કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ઘેજ: શ્રી એમ.આર. દેસાઇ આર્ટ્સ એન્ડ ઇ.ઇ.એલ.કે. કોમર્સ કોલેજ અને કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ ચીખલી, શારદા ફાઉન્ડેશન, ચીખલી પોલિસ સ્ટેશન અને સ્પંદન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ચીખલી કોલેજ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્ઘાટન સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી તેમજ શારદા ફાઉન્ડેશનના ફાઉન્ડર દર્શનભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી સોનલબેન દેસાઈ, ચીખલી પોલિસ અધિક્ષક, સ્પંદન હોસ્પિટલના સંચાલક, ચીખલી કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડો.મુકેશભાઈ પટેલ અને CASPS કોલેજ ચીખલીના ઇ.ચા.આચાર્ય ડો.અશોકભાઈ સોલંકી ઉપસ્થિત રહી રક્તાદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### પીપલખેડ ગામે 'સેવા સેતુ 'કાર્યક્રમ યોજાયો

વાંસદા: વાંસદાના પીપલખેડ ગામે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પ્રજાના પ્રશ્નો સાંભળી ત્વરિત ઉકેલ લાવવા માટેનો હોય છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય હેમંતભાઈ ગાંવિત, વાંસદા મામલતદાર મીત મોદી, તા.પં. સદસ્ય જયશ્રીબેન માહલા, સરપંચ વાડીચોંઢા વિજયભાઈ ગાંવિત, સરપંચ રવાણીયા મહેશભાઈ કાનાત, સરપંચ કાવડેજ મંજુલાબેન, સરપંચ ઘોડમાળ નવસીબેન ગાંવિત સહિત ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**આધુનિક યુગ** | મોબાઈલ-ટીવીએ ગ્રામીણ વિસ્તારોના બાળકોનું બાળપણ પણ બદલી નાંખ્યું

# બાળકોમાં પરંપરાગત રમતો ભુલાઈ ગઈ

**સાંજ** પડતાં જ બાળકોના અવાજથી ગૂંજી ઊઠતા ફળિયા-મહોલ્લા શાંત ભાસે છે

**આજે** જૂની રમતો માત્ર યાદોમાં સીમિત થઇ ગઈ, વાલીઓમાં ચિંતા




વાંસદા: આજના આધુનિક યુગમાં મોબાઈલ ફોન અને ટીવીએ બાળકો દ્વારા ફળિયા-મહોલ્લામાં રમાતી પરંપરાગત રમતો છીનવી, ટેક્નોલોજીના યુગમાં બાળકોમાં કેટલીક પરંપરાગત રમતો પણ હોવી ખૂબ જ જરૂરી છે.

એક સમયે બાળકોના બાળપણનો અભિન્ન હિસ્સો ગણાતી પરંપરાગત રમતો હવે આધુનિક યુગમાં ધીમે ધીમે લુપ્ત થતી જોવા મળી રહી છે. ફળિયા, મહોલ્લા અને ગલીઓમાં સાંજ પડતાં જ બાળકોના રમવાના અવાજોથી ગુંજી ઊઠતા વિસ્તારો હવે મોબાઈલ ફોન અને ટીવીના કારણે શાંત જોવા મળે છે. એક સમય હતો જ્યારે બાળકો ક્રિકેટ ઉપરાંત ગિલ્લી-ડંડા, ભમરડા, ઠીકરી ફોડ, સંતાકૂકડી સહિતની વિવિધ પરંપરાગત રમતો રમતા હતા. આવી રમતો દ્વારા બાળકોમાં શારીરિક ચપળતા, એકાગ્રતા, ટીમભાવના, નિર્ણયશક્તિ અને સામાજિક સંવાદિતાનો વિકાસ થતો હતો. પરંતુ ટેકનોલોજીના વધતા ઉપયોગ સાથે બાળકોનો રમતો પ્રત્યેનો રસ બદલાઈ રહ્યો છે. હાલમાં અનેક બાળકો બહાર મેદાનમાં રમવાને બદલે મોબાઈલ ફોનમાં ગેમ રમવામાં, વિડિયો જોવામાં તથા ટીવી પર કાર્ટૂન જોવામાં વધુ સમય પસાર કરતા જોવા મળે છે. જેના કારણે શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો થવાની સાથે બાળકોના સામાજિક અને માનસિક વિકાસ અંગે પણ વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે. હવે બદલાતા જીવનશૈલીના કારણે આવી રમતો માત્ર યાદોમાં જ સીમિત થઈ રહી છે. બાળકોને મોબાઈલ અને ટીવીના વધતા ઉપયોગથી દૂર રાખી તેમને ફરીથી મેદાન, ફળિયા અને પરંપરાગત રમતો તરફ વાળવાની જરૂરિયાત ઉભી થઈ છે. શાળાઓ, વાલીઓ અને સમાજ દ્વારા પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવામાં આવે તો બાળકોને તંદુરસ્ત અને સક્રિય બાળપણ તરફ લઈ જવામાં મદદ મળી શકે છે.

### ટેક્નોલોજી સાથે બાળકોમાં કેટલીક પરંપરાગત રમતો પણ જરૂરી

આજના આધુનિક યુગમાં બાળકોને ટેક્નોલોજી સાથે સંકળાયેલા રાખવું જરૂરી છે, પરંતુ મોબાઈલ અને ટીવીના સીમિત ઉપયોગ સાથે બહાર રમવા માટે પણ સમય ફાળવવો જરૂરી છે. વાલીઓ અને શાળાઓ દ્વારા પણ બાળકોને કેટલીક રમતો માટે પ્રોત્સાહિત કરવામાં આવે તો બાળકોને સ્વસ્થ તથા સક્રિય બાળપણ આપી શકાય.

### મોબાઈલના વધુ પડતા ઉપયોગથી બાળકોને શારીરિક, માનસિક, સામાજિક અસર

નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે લાંબા સમય સુધી સ્ક્રીન સામે બેસવાથી આંખો સૂકી થવી, નંબર આવવા અને દૃષ્ટિ નબળી પડવી. મોબાઈલ માંથી નીકળતી બ્લુ લાઈટ ઊંઘના હોર્મોન્સને અસર કરે છે, જેથી ઊંઘમાં વિક્ષેપ પડે છે, શારીરિક વિકાસ અટકે છે આઉટડોર રમતો ન રમવાથી સ્થૂળતા (મેદસ્વીતા) અને શારીરિક નબળાઈ વધે છે. બાળકોમાં ચીડિયાપણુ અને ગુસ્સાવાળા રહેવાની સંભાવના રહે છે.એકાગ્રતાનો અભાવ સાથે અભ્યાસમાં ધ્યાન લાગતું નથી અને યાદશક્તિ પર અસર પડે છે. કેટલાક બાળક વાસ્તવિક દુનિયાથી દૂર થઈને એકાંત પ્રિય કે વ્યસન તરફ વળવાની સંભાવના પણ રહે છે.


શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
R.A. Parikh Jewellers NX
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ